# ખંભાત નગરપાલિકા ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર ૦૪૭

### તારીખ:– ૦૬–૦૬–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | રમેશભાઈ ઈન્દુભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૦૦૦૦૦.૦૦ |
| ૨ | કૈલાસબેન લાલજીભાઈ હરીજન | પી.એફ.લોન | ૫૫૦૦૦.૦૦ |
| ૩ | અબ્દુલકાદર ઈબ્રાહીમભાઈ શેખ | પી.એફ.લોન | ૩૦૦૦૦૦.૦૦ |
| ૪ | નરેશભાઈ જેઠાભાઈ હરીજન | પી.એફ.લોન | ૯૦૦૦૦.૦૦ |
| | | | ૫૪૫૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નબર. ૦૪૮
## તારીખ.૦૬–૦૬–૨૦૧૮

ખંભાત શહેર તથા આજુબાજુ વિસ્તાર દરીયા કિનારા પર આવેલ છે. જેના કારણે સદર વિસ્તારનું પાણી પીવાલાયક મળી શકતુ નથી. આ બાબતે શહેરના તથા આજુબાજુના વિસ્તારમાં પીવાલાયક વરસાદી પાણી દરીયામાં જતુ અટકે અને વિસ્તારમાં વિકાસ માટે જળસંગ્રહ થાય તે જરૂરી છે. આ બાબતે તદ્દઅનુસાર પાણી સંગ્રહ અન્વયે સરકારશ્રી દ્વારા પણ સુજલામ સુફલામ / અમૃતધારા જેવી વિવિધ યોજનાઓ હેઠળ વિવિધ પ્રકારના આયોજનો હાથ ધરાતા હોય છે. આ બાબતે ખંભાત શહેર અને આજુબાજુના રેવન્યુ વિસ્તારમાં અનેક તળાવો આવેલ છે. આ અંગે ખંભાત શહેરની નજીકના તારાપુર રોડ ઉપર નેજા પાસે "ગાંગડીયા તળાવ" તથા ગોલાણા રોડ ઉપર હીરાપરા વિસ્તારમાં "હિરાપરા તળાવ" આવેલ છે. જે ખંભાત શહેર વિસ્તારમાં આવેલ તળાવો છે. આ અંગે સરકારશ્રીના અભિગમ અનુસાર જળસંચય / જળસંગ્રહના કામોને પ્રાધાન્ય આપવું જરૂરી છે. આ બાબતે ગાંગડીયા તળાવ જેનો રે.સ.નં.૪૯૪ છે તથા હીરાપરા તળાવ (અંબોઈ તલાવડી) જેનો રે.સ.નં.૫૭૫ છે. આ બાબતે બન્ને તળાવોને ભૌગોલિક અને ટેકનીકલ રીતે લીંક આપવામાં આવે તો પાણી સંગ્રહનો અભિગમ પૂર્ણ થાય તેમ જણાય છે.

આમ આ બાબતે ગાંગડીયા તળાવ તથા હીરાપરા તળાવોની પાણી પુરવઠા સંગ્રહ / જળસંચળ બાબતે લીંક બનાવવાની કાર્યવાહી કરવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે. આ અંગેની આગળની ઘટતી તમામ કાર્યવાહી સરકારશ્રીના દ.હુ.નં.મફબ/યુપ/જળસંચય/૨૦૧૮/૯૮૩ તારીખ.૧૦–૦૫–૨૦૧૮ થી મળેલ સુજલામ સુફલામની ગ્રાન્ટમાંથી આયોજન કરવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નબર..૦૪૯.

## તારીખ.૦૬–૦૬–૨૦૧૮

ગુજ.મ્યુની.ફાઈ.બોર્ડ તરફથી ખંભાત નગરપાલિકાને વિકાસ ભંડોળના વિવિધ હેડ નીચે નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવણી થયેલ છે.

| નં. | યોજનાનું નામ | દફતરી હુકમ | હેડ | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મનોરંજન કર (૨૦૧૭/૧૮) | નં.મફબ/મનો.કર/ગ્રાંટ/ ૨૦૧૭–૧૮/વશી/૨૦૧૮ /૬૨૪૨ તા.૩૧/૦૩/૨૦૧૮ | જનરલ | ૨૫,૯૬,૧૩૬/– |
| ૨ | મનોરંજન કર (૨૦૧૫/૧૬) | નં.મફબ/મનો.કર/SCSP-2015-16/રીવાઈઝ બજેટ/ ૨૦૧૬–૧૭/વશી/૪૦૧૪ તા.૩૧/૦૩/૨૦૧૮ | S.C.S.P | ૬,૫૪,૫૮૦/– |
| ૩ | મનોરંજન કર (૨૦૧૭/૧૮) | નં.મફબ/મનો.કર/SCSP-ગ્રાન્ટ/૨૦૧૭–૧૮/ વશી/ ૨૦૧૮ તા.૩૧/૦૩/૨૦૧૮ | S.C.S.P | ૩,૯૬,૨૫૬/– |
| ૪ | વ્યવસાય વેરો (૨૦૧૬/૧૭) | નં.મફબ/યુ.૪/જ.મ.બી.ખે./ લો.ફંડ સેસ/સંચાઈ દર/ગ્રાન્ટ/ ૨૦૧૬–૧૭/૨૦૧૬/૯૬૪૩ તા.૨૧/૧૧/૨૦૧૬ | જનરલ | ૯,૫૮,૫૧૪/– |
| | | | | ૪૬,૦૫,૪૮૬/– |

આ બાબતે ઉપરોકત મળેલ વિવિધ ગ્રાન્ટ અન્વયે ખંભાત નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં.૭/૮/૯ માં વોર્ડ દીઠ રૂા.૧૫/– લાખ પ્રમાણે સી.સી રસ્તા બનાવવાના કામના આયોજન કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે કામો નકકી કરવા પ્રમુખશ્રી / કારોબારી ચેરમેનશ્રીને સત્તા આપવામાં આવે છે. આ બાબતે મળનાર ગ્રાન્ટ કરતાં વધારાનો ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરી કામો પુર્ણ કરવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નબર. ૦૫૦
## તારીખ.૦૬–૦૬–૨૦૧૮

ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડની કચેરી તરફથી ખંભાત નગરપાલિકાને સને ૨૦૧૫/૧૬ / સને ૨૦૧૬–૧૭ તથા સને ૨૦૧૭–૧૮ અન્વયે ચૌદમાં નાણાપંચની એસ.સી.એસ.પી / સામાન્ય સદર ગ્રાન્ટની ફાળવણી થયેલ છે. આ અંગે એસ.સી.એસ.પી સદર હેઠળ મળેલ ગ્રાન્ટ પૈકી ખંભાત નગરપાલિકાના વોર્ડ નં.૧/૩/૬ માં સી.સી.રસ્તાના કામ બાબતે વોર્ડ દીઠ રૂા.૧૫.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે ચૌદમાં નાણાપંચની સામાન્ય સદર હેઠળ મળેલ ગ્રાન્ટ હેઠળ વોર્ડ નં.૨/૪/૫ માં સી.સી.રસ્તાના કામ બાબતે વોર્ડ દિઠ રૂા.૧૫.૦૦ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે વોર્ડમાં રૂા.૧૫.૦૦ લાખની મર્યાદામાં કામો નકકી કરવાની સત્તા પ્રમુખશ્રી તથા કારોબારી ચેરમનેશ્રીને આપવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા